### પરસ્પર વેપાર-ઉદ્યોગ નિવેશના સંબંધો અંગે ફળદાયી પરામર્શ

# ગુજરાત-ઉઝબેકિસ્તાન વચ્ચે પીપલ-ટુ-પીપલ કોન્ટેકટ વધારવા નિર્ધાર

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ઉઝબેકિસ્તાન પ્રવાસના ચોથા દિવસે ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ શ્રીયુત શવકત મિરઝીયોયેવ સાથે બે કલાક સુધી લંબાણપૂર્વક બેઠક યોજીને ગુજરાત-ઉઝબેકિસ્તાન વચ્ચે વ્યાપાર-ઉદ્યોગના સંબંધો વધુ સુદ્રઢ બનાવવા ફળદાયી પરામર્શ કર્યો હતો.

ઉઝબેકિસ્તાન રાષ્ટ્રપ્રમુખે ભારત સાથેની તેમના દેશની મિત્રતા અને ખાસ કરીને ગુજરાતના વિકાસથી તેમજ વાયબ્રન્ટ સમિટ-૨૦૧૯માં તેમની સહભાગીતાથી તેઓ પ્રભાવિત થયાનો સ્પષ્ટ મત દર્શાવ્યો હતો.

મુખ્યમંત્રીએ ગુજરાત પ્રતિનિધિમંડળના ઉષ્માભર્યા સત્કાર અને સમગ્ર પ્રવાસ દરમ્યાન મળેલ સહયોગ અંગે ઉઝબેકિસ્તાન રાષ્ટ્રપ્રમુખનો આભાર પ્રગટ કર્યો હતો.

બંને મહાનુભાવોએ ગુજરાત-ઉઝબેકિસ્તાનના લોકોના-નાગરિકોના વ્યાપક હિતમાં પરસ્પર વ્યાપાર, નિવેશ તેમજ પીપલ ટુ પીપલ કોન્ટેકટ વધારવાનો નિર્ધાર બેઠકમાં વ્યકત કર્યો હતો.

વિજયભાઈ રૂપાણીએ ઉઝબેકિસ્તાન રાષ્ટ્રપ્રમુખ સાથેની



ચર્ચાઓ દરમ્યાન જણાવ્યું કે, ગુજરાતના ઉદ્યોગકારો ઉઝબેકિસ્તાનમાં વેપાર-ઊદ્યોગ શરૂ કરવા તત્પર છે પરંતુ તેમને આ હેતુસર જરૂરી પરવાનગીઓ અને સહયોગ ત્વરાએ મળે તે અપેક્ષિત છે.

ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપ્રમુખ શ્રીયુત શવકત મિરઝીયોયેવએ આ સંદર્ભમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, તેઓ ગુજરાતના વેપાર-ઉદ્યોગકારોને તમામ સહયોગ આપશે અને જરૂર જણાયે પોતાના ખાસ સત્તાધિકારોનો ઉપયોગ કરીને નિયમોમાં છૂટછાટ મૂકીને વધુ પ્રોત્સાહક છૂટછાટો પણ આપશે. એટલું જ નહિ, અન્ય કોઈ પણ રાષ્ટ્રને ઉઝબેકિસ્તાનમાં મળી ન હોય તેવી સુવિધા અને રાહતો આપવા પણ તેઓ ઉત્સુક છે.

ઉઝબેકિસ્તાન રાષ્ટ્રપતિશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીને એમ પણ જણાવ્યું કે, તેમની સરકારના ત્રણ મંત્રીઓ દર ત્રણ માસે ગુજરાત આવશે તેમજ ગુજરાતમાં બે-ત્રણ દિવસ રોકાણ કરીને રાજ્ય સરકારના અધિકારીઓ અને ઉદ્યોગ-વેપારના પ્રતિનિધિઓ સાથે બેસીને જો કોઈ પ્રશ્નો-સમસ્યા હશે તો તેનું નિવારણ લાવશે. શ્રીયુત શવકત મિરઝીયોયેવએ ખાસ કરીને એગ્રીકલ્ચર, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, એન્જીનીયરીંગ તેમજ જેમ્સ એન્ડ જવેલરી ક્ષેત્રોમાં પરસ્પર સહયોગ અને વેપાર-રોકાણ વધારવાની ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમને ગુજરાતની જૈવિક ખેતીની વિશેષતાઓની ભૂમિકા આપી તેનાથી પ્રભાવિત થઈને રાષ્ટ્રપ્રમુખે આ ખેતીના વધુ અભ્યાસ માટે પણ એક પ્રતિનિધિમંડળ ત્વરાએ ગુજરાત મોકલશે તેમ જણાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ ગુજરાતમાં વૈશ્વિક કક્ષાના ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી, પેટ્રોલિયમ યુનિવર્સિટી, રક્ષાશકિત યુનિવર્સિટી તેમજ આઈક્રિયેટ જેવી ઉચ્ચશિક્ષણ સંસ્થાઓની વિશદ છણાવટ આ બેઠકમાં કરી હતી.

ઉઝબેકિસ્તાનના રાષ્ટ્રપતિશ્રીએ આ યુનિવર્સિટીઓ સાથે પોતાના રાષ્ટ્રનું ટાઈ-અપ કરીને ઉઝબેકિસ્તાન યુવાઓને તેનો લાભ મળી રહે તે માટે ઉઝબેકિસ્તાનના શિક્ષણ અને ઈનોવેશન મંત્રીને ગુજરાત મુલાકાતે મોકલશે તેમ જણાવ્યું હતું.




### દ્વારકાધિશના દર્શન કરી ધન્યતા અનુભવતા રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રત

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે આજે દ્વારકા ખાતે જગતમંદિરમાં ભગવાન દ્વારકાધિશના દર્શન કર્યા હતા. તેઓશ્રી વહેલી સવારે જામનગરથી નિકળી દ્વારકા સરકીટ હાઉસ ખાતે ટુંકું રોકાણ કરી જગતમંદિર ખાતે દ્વારકાધિશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જગતમંદિર ખાતે રાજયપાલશ્રી સાથે જિલ્લા કલેકટર ડૉ. નરેન્દ્રકુમાર મીણા, દ્વારકાધિશ દેવસ્થાન સમિતિના વહિવટદાર અને પ્રાંત અધિકારી પાર્થ કોટડીયા, દ્વારકા પ્રાંત અધિકારી દર્શન વિઠલાણી, ટ્રસ્ટના કમલેશ શાહ સહિતના અધિકારીઓએ પણ ભગવાન દ્વારકાધિશના દર્શન કર્યા હતા.



૨૯મી ઓક્ટોબરે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અંજલી ચાર રસ્તા પાસે બનાવવામાં આવેલા ઓવરબ્રિજનું ઉદ્‌ઘાટન કરવામાં આવનાર છે જેની તૈયારીઓ પુરજોશમાં ચાલી રહી છે.

# આજે છ બેઠકોની પેટાચૂંટણીના પરિણામ

### બપોર સુધી તમામ પરિણામ જાહેર કરાશે : રાધનપુર સીટના પરિણામ પર તમામની નજર કેન્દ્રિત થઇ : મતગણતરીને લઇને તમામ તૈયારીઓ પૂર્ણ થઇ

ગાંધીનગર, તા.૨૩

ગુજરાતની છ વિધાનસભા બેઠકોની તા.૨૧મી ઓકટોબરના રોજ યોજાયેલી પેટાચૂંટણીનું પરિણામ આવતીકાલે જાહેર કરવામાં આવશે. ઉત્તર ગુજરાતની ચાર બેઠક ખેરાલુ, રાધનપુર, થરાદ અને બાયડ સહિત, અમરાઈવાડી અને લુણાવાડા બેઠક પરની પેટા ચૂંટણી માટે મતદાન બાદ હવે આવતીકાલે ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત અને ઉત્તેજનાભર્યા વાતાવરણ વચ્ચે મતગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આમ તો સાંજ સુધી મતગણતરી હાથ ધરાશે પરંતુ બપોર સુધીમાં છ બેઠકોની પેટાચૂંટણીના પરિણામો સ્પષ્ટ થઈ જવાની શકયતા છે. જો કે, છ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી પૈકી રાધનપુર અન બાયડ બેઠક પરના પરિણામ પર સૌની નજર છે. આવતીકાલની મતગણતરીને લઈ ચૂંટણી તંત્ર દ્વારા પણ તમામ વ્યવસ્થા અને તૈયારીઓ કરી દેવાઈ છે. તો સુરક્ષા બંદોબસ્ત પણ લોખંડી અને ફુલપ્રુફ રીતે તૈનાત કરાયો છે. આવતીકાલની મતગણતરીને લઈ દરેક કાઉન્ટીંગ બુથ ખાતે ઈવીએમ મશીનો માટે કુલ ૧૪-૧૪ ટેબલો ગોઠવી દેવાશે. એક રાઉન્ડમાં ૧૪ મશીનોની મત ગણતરી એકસાથે કરવામાં આવશે. કુલ ૨૪ રાઉન્ડના અંતે ફાઈનલ પરિણામ જાહેર કરવામાં આવશે. એક ટેબલ પર કાઉન્ટીંગ સુપરવાઈઝર, કાઉન્ટીંગ આસીસ્ટન્ટ તેમ જ માઈક્રો ઓબ્ઝર્વરની નિમણૂંક કરવામાં આવશે. તો, મતગણતરી માટે કુલ એક હજાર કરતાં વધુ કર્મચારીઓની મદદ લેવાશે. તાજેતરમાં તા.૨૧મી ઓકટોબરે યોજાયેલા તમામ છ બેઠકો પર સરેરાશ ૫૧ ટકાની આસપાસ મતદાન નોંધાયું હતું. રાધનપુર બેઠક પરથી કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા અલ્પેશ ઠાકોર અને બાયડ બેઠક પરથી ધવલસિંહ ઝાલાએ ચૂંટણી લડી હોઈ તેમના પરિણામો પર સૌની નજર છે. ખેરાલુ બેઠક પર ભાજપના અજમલજી ઠાકોર અને કોંગ્રેસના બાબુજી ઠાકોર વચ્ચે સીધી ટક્કર છે. આ જ પ્રકારે અમરાઈવાડી બેઠક પર ભાજપના જગદીશ પટેલ વચ્ચે કાંટાની ટક્કરક છે. તો, થરાદ બેઠક પર ભાજપના જીવરાજ પટેલ અને કોંગ્રેસના ગુલાબસિંહ રાજપૂત વચ્ચે અને લુણાવાડા બેઠક પર ભાજપના જીજ્ઞેશ સેવક અને કોંગ્રેસના ગુલાબસિંહ ચૌહાણ વચ્ચે સીધી સ્પર્ધા જામશે. ઉલ્લેખનીય છે કે, છ બેઠકોની પેટા ચૂંટણી માટે ચૂંટણીપંચ દ્વારા કુલ ૧૭૮૧ મતદાન મથકો ઊભાં કરાયાં હતા. આશરે ૮૫૦૦થી વધુ કર્મચારીઓને ચૂંટણી ફરજમાં તૈનાત કરાયાં હતા. હવે આવતીકાલે સવારે આઠ વાગ્યાથી મતગણતરી હાથ ધરાશે ત્યારે ઈવીએમ ખુલતાની સાથે સાથે જ અને મતગણતરીના એક પછી એક રાઉન્ડની સાથે સાથે ઉમેદવારોના ભાવિ નક્કી થતાં જશે.

# કાળી ચૌદશ પ્રસંગે કેમ્પમાં મહાઆરતી માટે આયોજન

અમદાવાદ, તા.૨૩

કાળી ચૌદશને લઈ અમદાવાદ શહેરના હનુમાનજી મંદિરો અને શનિ મંદિરોમાં વિશેષ પૂજા, હોમ-હવન અને મહાઆરતી સહિતના અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિર ખાતે તા.૨૬મી ઓકટોબરના રોજ કાળી ચૌદશના પર્વને લઈ સાંજે ૬-૦૦થી ૮-૦૦ દરમ્યાન સુંદરકાંડના પાઠનું વિશેષ આયોજન અને રાત્રે ૧૨-૦૦ વાગ્યે કેમ્પ હનુમાનજી દાદાની મહાઆરતીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. કેમ્પ હનુમાનજી મંદિરમાં આ મહાઆરતી સમગ્ર વર્ષમાં એક જ વખત અને તે પણ કાળી ચૌદશના પર્વ નિમિતે કરવામાં આવતી હોવાથી તેનું બહુ વિશેષ અને ચમત્કારિક મહાત્મ્ય છે. કાળીચૌદશ પર્વને લઈ આર્મી ઓથોરીટી તરફથી રાત્રે ૧૨-૦૦ વાગ્યા સુધી શ્રધ્ધાળુ દર્શનાર્થીઓને મંદિરમાં પ્રવેશ આપવામાં આવશે. કેમ્પ હનુમાનજી મંદિરમાં કાળીચૌદશની મહાઆરતી બાદ દર્શનાર્થે આવેલા લાખો શ્રધ્ધાળુ દર્શનાર્થીઓને દાદાના ચમત્કારિક કાળા દોરાનું પણ વિતરણ કરવામાં આવશે. દાદાની મહાઆરતી, પૂજાની સાથે સાથે શ્રદ્ધાળુ ભકતો માટે વિશેષ પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ જ પ્રકારે શહેરના બાપુનગર વિસ્તારમાં રખિયાલ રોડ પર આવેલા સુપ્રસિદ્ધ નાગરવેલ હનુમાનજી મંદિર, થલતેજ ચાર રસ્તા પાસે આવેલા હનુમાનજી મંદિર, અંજનીમાતા મંદિર, એસજી હાઈવે પર વૈષ્ણોદેવી સર્કલ પર આવેલા મારૂતિ ધામ, ચાણકયપુરી બ્રીજ નીચે આવેલા કષ્ટભંજન દેવ, મેમનગર સુભાષચોક સ્થિત ભીડભંજન હનુમાનજી, સોલા રોડ કાંકરિયા હનુમાનજી સહિતના હનુમાનજી મંદિરોમાં પણ કાળી ચૌદશને લઈ દાદાની વિશેષ પૂજા, હોમ-હવન અને મહાઆરતી સહિતના ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.




શહેરના અમદાવાદ રેલવે સ્ટેશન પર ખાનગીકરણના વિરોધમાં રેલવે કર્મચારીઓ દ્વારા ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા.

# વાવોલની ડીફેન્સ કોલોનીમાં ચોરી

શહેર નજીક આવેલા વાવોલ સ્થિત ડીફેન્સ કોલોની ખાતે ગત જુન માસમાં ઘરફોડ ચોરીનો બનાવ બન્યો હતો. આ ચોરીના ગુનામાં સે-૭ પોલીસે ત્રણ ઈસમોને પકડી પાડ્યા છે. સેકટર-૭ પોલીસ મથકના પીઆઈ તરલ ભટ્ટના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કવોડના પીએસઆઈ એ.જે.શાહની ટીમ સાથે મળી વાવોલમાં ચોરીના કેસમાં સે-૧૩ ખાતે રહેતા મનમોહનસીંગ ઉર્ફે મોન્ટુ કરણસીંગ લવારીને પકડી પાડ્યો હતો.તેની ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેણે ચોરીની કબુલાત કરીને મુદ્દામાલ સતનામસીંગ ઉર્ફે સોનુસીંગ કરણસીંગ લવારી સાથે મળીને અદાવાદના પ્રકાશ ઉકાજી સોની (મારવાડી) ને વેચી માર્યો હતો. જેથી પોલીસે પ્રકાશ સોનીની ધરપકડ કરતા તેણે સોના ચાંદીના દાગીના ઓગાળી નાંખ્યા હોવાનું ધ્યાને આવ્યું હતું. જેને પગલે પોલીસે દાગીના ઓગાળી તૈયાર કરાયેલી સોના અને ચાંદીની રણી મળી કુલ રૂ.૪૦ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખરણા પ્રાથમિક શાળામાં વિદ્યા સહાય સમારોહમાં દાનની સરવાણી વહી

ગાંધીનગર જિલ્લાના માણસા તાલુકાની ખરણા પ્રાથમિક શાળામાં શનિવારના રોજ વિદ્યા સહાય સમારોહ સંપન્ન થયો. અમેરિકાના બોસ્ટન શહેરમાં વસતા ખરણા ગામના પાટીદાર સદગૃહસ્થો તરફથી બે જોડ ગણવેશ, સ્કૂલબેગ, બૂટ-મોજાં, બેલ્ટ જેવી અભ્યાસ સામગ્રીનું દાતાઓના હસ્તે વિતરણ કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે સમારોહના શોભારૂપ દાતાઓ, વાલીગણ તથા ગામના અગ્રગણ્ય નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા. માત્ર 'મારી જ્ઞાતિ નહિ પણ મારૂ ગામ' એવી 'વસુધૈવ કુટુંબકમ'ની ભાવનાને વરેલા બોસ્ટન શહેરના દાતાઓએ આપેલ રૂ. ૨,૧૧,૫૦૦ જેટલી ઉદાર સખાવતથી આ કાર્યક્રમ સંપન્ન થયો હતો. આ પ્રસંગે શાળાના કલરકામ માટે પણ રૂ. ૧,૦૫,૦૦૦ જેટલી માતબર રકમ પણ દાતાઓ તરફથી જાહેર કરવામાં આવી હતી.

# પાલનપુરનો ખખડધજ રોડ બનાવતા પાલિકામાં હોબાળો

### દિલ્હીગેટ મહિલા મંડળથી બ્રિજેશ્વર કોલોનીનો માર્ગ બનાવવા રજૂઆત

પાલનપુર

પાલનપુરમાં ભૂર્ગભ ગટરના કામ દરમિયાન મોટાભાગના માર્ગો તોડી નાંખવામાં આવ્યા હતા. જેમાં દિલ્હીગેટ મહિલા મંડળથી બ્રિજેશ્વર કોલોનીનો માર્ગ નવો બનાવવા માટે મંગળવારે સ્થાનિક લોકોએ નગરપાલિકામાં હોબાળો કરતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. આ અંગે પાલિકાના અધિકારીએ ખાત્રી આપતાં મામલો થાળે પડ્યો હતો.

પાલનપુર નગરપાલિકા દ્વારા ભૂર્ગભ ગટર લાઈન નાંખવા માટે રસ્તાઓનું ખોદકામ કરવામાં આવ્યું હતુ. ચોમાસા અગાઉ કરાયેલી આ કામગીરી બાદ રસ્તાઓનું સમારકામ કરવામાં આવ્યું ન હોઈ લોકોને ભારે હાલાકીનો ભોગ બનવું પડી રહ્યું છે. જ્યાં દિલ્હીગેટ મહિલા મંડળથી બ્રિજેશ્વર કોલોની માર્ગ બિસ્માર બની ગયો છે. આ માર્ગ ઉપરથી આજુબાજુના ૧૫થી વધુ ગામડાનો વાહન વ્યવ્હાર પણ સંકળાયેલો છે. જે લોકો પણ ભારે પરેશાની ભોગવી રહ્યા છે. ત્યારે આ માર્ગ નવો બનાવવા માટે બ્રિજેશ્વર કોલોનીના સ્થાનિક રહિશો મંગળવારે પાલિકામાં ઘસી ગયા હતા. જ્યાં હોબાળો મચાવી રજૂઆત કરતાં ભારે ઉત્તેજના પ્રસરી જવા પામી હતી. દરમિયાન અધિકારીઓએ માર્ગ બનાવવાની ખાત્રીઆપતાંમામલોથાળેપડ્યોહતો.

### વિવિધ પ્રકલ્પોના... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કમાન્ડ કંટ્રોલ સેન્ટરનું લોકાર્પણ, મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત કુડાસણ ખાતે નિર્માણ થયેલા એમ.આઈ.જી પ્રકારના ૪૮૦ આવાસોની સોંપણી, કુડાસણ -સરગાસણ- રાયસણ અને વાવોલ ખાતેની ટીપી સ્કીમોમાં પાણી પુરવઠો પૂરો પાડવાના કામોનું લોકાર્પણ અને કુડાસણ-સરગાસણ તથા રાયસણ ખાતેની ટીપી સ્કીમોમાં નિર્મિત બગીચાઓનું લોકાર્પણ સહિતના વિવિધ વિકાસ પ્રકલ્પોનો સમાવેશ થાય છે.

કલોલ ખાતે પણ કરોડોના વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્ત -લોકાર્પણ કાર્યક્રમો યોજાનાર છે, જેમાં કલોલ- ગાયત્રી મંદિર જંકશન ખાતે નિર્માણ થયેલ ફ્લાય ઓવર બ્રીજનું લોકાર્પણ, કલોલ એપીએમસી ગેસ્ટ હાઉસ અને એન્ટ્રી ગેટનું લોકાર્પણ ઉપરાંત ભારત સરકારની વયોશ્રી અને એડીપી યોજના અંતર્ગત કે.આઈ.આર.સી કોલેજના સંકુલમાં વયોશ્રીઓ અને દિવ્યાંગોને નિઃશુલ્ક સાધન સહાયનું વિતરણ કરવામાં આવનાર છે.

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્ર, ગાંધીનગર મહાનગર પાલિકા તથા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ દ્વારા આયોજિત આ વિવિધ પ્રકલ્પોના લોકાર્પણ-ખાતમુહૂર્ત તથા સહાય વિતરણ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ગૃહ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, મહેસુલ મંત્રી શ્રી કૌશિકભાઈ પટેલ તથા ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલની ઉપસ્થિત રહેશે તેમ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડો.કુલદીપ આર્યએ જણાવ્યું છે.

### ભાવમાં વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ આ વર્ષે તેની કિંમત પ્રતિક્વિન્ટલ ૪૮૭૫ રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષે આની કિંમત પ્રતિક્વિન્ટલ ૪૬૨૦ રૂપિયા હતી. તેલિબિયાની વાત કરવામાં આવે તો તેમાં પણ ખેડૂતોને રાહત આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૧૯-૨૦ માટે સનફલાવર માટેની સમર્થન મૂલ્યની કિંમતમાં ૩૭૦ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવ્યો છે. આની સાથે જ તેની કિંમત પ્રતિક્વિન્ટલ ૫૨૧૫ રૂપિયા સુધી મોકલવાના છે. આ વર્ષે જાહેર કરવામાં આવેલા રવિ પાક માટે એમએસપી સરકારની ફાર્મ પ્રાઈઝ એડવાઈઝરી બોડી સીએસીપીની ભલામણના આધાર પર એમએસપી જાહેર કરવામાં આવ્યા છે. ઘઉંને મુખ્ય રવિ પાક તરીકે ગણવામાં આવે છે જેની વાવણી આગામી મહિનામાં શરૂ કરવામાં આવનાર છે. આગામી વર્ષે એપ્રિલ મહિનાથી પાક બજારમાં આવશે. ઘઉં, કઠોળની સાથે સાથે જવના એમએસપીમાં વધારો કરવામાં આવ્યો છે. તેના એમએસપીમાં ક્વિન્ટલદીઠ ૮૫ રૂપિયા સુધીનો વધારો કરવામાં આવતા કિંમત વધીને ૧૫૨૫ રૂપિયા થઈ છે જે ગયા વર્ષે પ્રતિક્વિન્ટલ ૧૪૪૦ રૂપિયા હતી.

### મતગણતરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહારાષ્ટ્ર અને હરિયાણા બંનેમાં બહુમતિનો આંકડો એક્ઝિટ પોલમાં આપવામાં આવ્યા બાદ ભાજપની છાવણીમાં ખુશીનુ મોજુ છે. બીજી બાજુ કોંગ્રેસ અને અન્ય પક્ષો આશા રાખી રહ્યા છે. પોલના મહાપોલમાં કહેવામાં આવી ચુક્યુ છે કે હરિયાણામાં ભારતીય જનતા પાર્ટી ૬૭ સીટો જીતીને બહુમતિ સાથે સરકાર બનાવશે. હરિયાણામાં બહુમતિ માટેનો આંકડો ૪૬નો રહેલો છે. કુલ ૯૦ વિધાનસભા સીટ માટે હરિયાણામાં મતદાન યોજાયું હતુ. મોટાભાગના એક્ઝિટ પોલમાં ભાજપને બહુમતિ આપવામાં આવ્યા બાદ વાસ્તવિક ચિત્ર આવતીકાલે સ્પષ્ટ થશે. એક્ઝિટ પોલ કેટલા યોગ્ય છે તે બાબત પણ આવતીકાલે જ જાણી શકાશે. સીવોટરના એક્ઝિટ પોલમાં જણાવવામાં આવ્યુ હતુ કે ભારતીય જનતા પાર્ટીને ૭૨ સીટો મળી શકે છે જ્યારે રિપબ્લિક જન કી બાતમાં જણાવવામાં આવ્યુંહતુ કે, ભાજપને ૫૭ સીટો મળી શકે છે. ન્યુઝ એસએક્સમાં જણાવવામાં આવ્યુંહતુ કે, ભાજપને ૭ સીટો મળી શકે છે. ટાઈમ્સ નાઉના સર્વેમાં જણાવવામાં આવ્યુંહતુ કે, મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી ૫૪ ટકાથી વધુ મત મેળવીને રેકોર્ડ સફળતા મેળવી રહી છે. ભાજપ-શિવસેના ગઠબંધનને ૫૪.૨૦ ટકા મત મળી રહ્યા છે જ્યારે કોંગ્રેસ-એનસીપીના ગઠબંધનને ૨૯.૪૦ ટકા મત મળી રહ્યા છે. અન્યોને ૧૬.૪૦ ટકા મત મળી રહ્યા છે. ભાજપ-શિવસેના ગઠબંધનને ટાઈમ્સ નાઉના કહેવા મુજબ ૨૩૦ સીટો મળી શકે છે જ્યારે કોંગ્રેસ-એનસીપી ગઠબંધનને જોરદાર નુકસાન થઈ શકે છે. આ ગઠબંધનને માત્ર ૪૮ સીટો મળી શકે છે. આવી જ રીતે આ ગઠબંધનને ૨૯.૪૦ ટકા મત મળી શકે છે. અન્યોને ૧૬.૪૦ ટકા મત મળી શકે છે.હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ ૧૦ બેઠકો જીતી લીધી હતી અને ૫૮.૨૧ ટકા મત મળ્યા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાએ ૪૮ પૈકી ૪૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો અને ૫૧.૩ ટકા મત મેળવ્યા હતા. એકબાજુ હરિયાણામાં ૬૨થી ૬૫ ટકા વચ્ચેનું મતદાન થયું હતું જ્યારે મહારાષ્ટ્રમાં ૫૪થી ૫૮ ટકા વચ્ચે મતદાન થયું હતું.

૨૯.૪૦ ટકા મત મળી શકે છે. અન્યોને ૧૬.૪૦ ટકા મત મળી શકે છે.હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ તમામ ૧૦ બેઠકો જીતી લીધી હતી અને ૫૮.૨૧ ટકા મત મળ્યા હતા. હાલમાં જ યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપ અને શિવસેનાએ ૪૮ પૈકી ૪૧ બેઠકો જીતીને સપાટો બોલાવ્યો હતો અને ૫૧.૩ ટકા મત મેળવ્યા હતા. એકબાજુ હરિયાણામાં ૬૨થી ૬૫ ટકા વચ્ચેનું મતદાન થયું હતું જ્યારે મહારાષ્ટ્રમાં ૫૪થી ૫૮ ટકા વચ્ચે મતદાન થયું હતું.મતદાનની સાથે જ હરિયાણામાં કુલ ૯૦ વિધાનસભા બેઠકો માટે ૧૦૪ મહિલા ઉમેદવાર સહિત ૧૧૬૯ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. હવે આવતીકાલે તમામ ઉમેદવારોના ભાવિનો ફેસલો થનાર છે. જેમાં કેટલાક મોટા માથા પણ છે. હરિયાણામાં ૧.૮૩ કરોડ મતદારો પૈકી મોટા ભાગના મતદારો મતદાન કરવા માટે બહાર નિકળ્યા હતા. હરિયાણામાં ૯૯ લાખ પુરુષો અને ૮૫ લાખ મહિલા મતદારો પૈકી ૬૧ ટકાથી વધુ મતદારોએ ભારે ઉત્સાહ વચ્ચે તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. હરિયાણામાં ૧૬૩૫૭ મતદાન મથકો પર મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પ્રાપ્ત અહેવાલ મુજબ મહારાષ્ટ્રમાં ૨૮૧ વિધાનસભા સીટ માટે તેમના પસંદગીના પ્રતિનિધિઓ ચૂંટી કાઢવા માટે ૮.૯ કરોડ મતદારો પૈકી આશરે ૫૫ ટકાથી વધુ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગક કરવા બહાર નિકળ્યા હતા. મતદાન શરૂ થતાની સાથે જ ૨૩૫ મહિલા ઉમેદવાર સહિત ૩૨૩૭ ઉમેદવારોના ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયા હતા. મતદારોની સુવિધાને ધ્યાનમાં લઈને ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં કુલ ૯૬૬૬૧ મતદાન મથકો ઉભા કરવામાં આવ્યા હતા. પરિણામને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે.

### કોલોની... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આઠ લાખ હતી. વિભાજન બાદ મોટી સંખ્યામાં લોકો અહીં શરણાર્થી તરીકે આવ્યા હતા. આજે એનસીઆરની વસતી બે કરોડ સુધી પહોંચી ચુકી છે. ૨૦૦૮માં આના માટે છેલ્લી વખત પ્રયાસ કરવામાં આવ્યા હતા. પુરીએ કહ્યું હતું કે, ઓનર્સશીપ મળી ગયા બાદ આ કોલોનીઓના વિકાસની પ્રક્રિયાને ઝડપી કરવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતું કે, ત્યારબાદ માર્ગોનું નિર્માણ કરવામાં આવશે. શિવર બનાવવામાં આવશે. પાર્કનું નિર્માણ કરવામાં આવશે. ખુબ નાના રેટ પર જમીનના રજિસ્ટ્રેશન થશે. પુરીએ કહ્યું હતું કે, આ નિર્ણયને વહેલીતકે અમલી કરી દેવામાં આવશે. સરકાર સંસદના આગામી સત્રમાં બિલ લાવવાની યોજના ધરાવે છે જેમ જ બિલ પાસ થશે ડીડીએ તેના પર કામ શરૂ કરી દેશે.

દિલ્હીની ૧૭૯૭ ગેરકાયદે કોલોનીમાં રહેતા લોકોને આનાથી મોટી રાહત થઈ છે. કેન્દ્ર સરકાર લાંબા સમયથી આ કોલોનીઓને નિયમિત કરવાને લઈને તૈયારીઓ કરી રહી હતી. મોદી સરકારે પોતાના ૧૦૦ દિવસના એજન્ડામાં આ મુદ્દાને પ્રાથમિકતા આપી છે. ઓનર્સશીપ મળી ગયા બાદ કોલોનીઓને વિકસિત કરવામાં આવશે. ઉપરાજ્યપાલની કમિટિએ નોંધ તૈયાર કરી હતી. આજે શહેરીવિકાસ મંત્રાલય તરફથી રજૂ કરવામાં આવેલી નોંધને ઉપરાજ્યપાલના નેતૃત્વવાળી કમિટિ સમક્ષ રજૂ કરવામાં આવ્યા બાદ આના પર વિચારણા થઈ હતી. કમિટિની રચનાના સમયે સરકારે કહ્યું હતું કે, કમિટિ એવા ઉપાયને રજૂ કરશે જે મારફતે આ કોલોનીઓમાં રહેતા લોકોને માલિકીના હક આપવામાં આવશે.